તાપમાન
મહત્તમ : ૪૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૧૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૨ | ૧૩ મે, ૨૦૧૬, શુક્રવાર ; વૈશાખ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગુજરાતના સાંસદ પ્રવિણ રાષ્ટ્રપાલનું નિધન



ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણી અને રાજ્યસભાના સભ્ય શ્રી પ્રવિણ રાષ્ટ્રપાલનું આજે સવારે બુધવારે દિલ્હી ખાતે હૃદયરોગના હુમલામાં નિધન થયું હતું. સદગતના માનમાં રાજ્યસભાએ અંજલિ આપી ગૃહ મુલત્વી રાખ્યું હતું.

## શશાંક મનોહર આઈસીસીના પ્રથમ સ્વતંત્ર ચેરમેન નિમાયા



નવીદિલ્હી,તા. ૧૨

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના પ્રમુખ તરીકે રાજીનામુ આપી દીધાના એક દિવસ બાદ શશાંક મનોહર આજે સર્વસંમતિથી પ્રમુખ તરીકે ચુંટાઈ આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી)ના ચેરમેન તરીકે બિનહરિફ તેમની પસંદગી કરવામાં આવી હતી. નાગપુર સ્થિત વકીલની નિમણૂંકથી ખુશીનું મોજુ ફરી વળ્યું છે. એપ્રિલમાં બેઠક મળ્યા બાદ બોર્ડ દ્વારા બંધારણીય સુધારાઓને આઈસીસી કાઉન્સિલ દ્વારા મંજુરી અપાઈ હતી.

# રિટેલ ફુગાવો વધીને ૫.૩૯ ટકા થયો

**ખાદ્યાન્ન ફુગાવો અગાઉના મહિનામાં ૫.૨૧ સામે ૬.૩૨ થયો : આરબીઆઈ માટે પણ વ્યાજદરને લઇને ગણતરી કરવાનો સમય : લોકોને મુશ્કેલી નડી શકે : શાકભાજી, કઠોળ, ખાંડ અને ખાદ્યાન્ન તેલના ભાવ વધ્યા**

નવીદિલ્હી,તા. ૧૨

એપ્રિલ મહિના માટે કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ દ્વારા નક્કી કરવામાં આવતા રિટેલ ફુગાવો માર્ચ મહિનામાં ૪.૮૩ ટકાની સરખામણીમાં વધીને ૫.૩૯ ટકા થઈ ગયો છે જ્યારે માર્ચ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન માટેનો આંકડો ઘટીને ૦.૧ ટકા થયો છે જે ફેબ્રુઆરી મહિનામાં બે ટકા હતો. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીય પ્રોડ્ક્શન આઈઆઈપી અને સીપીઆઈ આંકડા જારી કરવામાં આવે તેને લઈને કારોબારીઓમાં ઉત્સુકતા હતી. ખાદ્યાન્ન ફુગાવો અગાઉના મહિનામાં ૫.૨૧ ટકાથી વધીને ૬.૩૨ ટકા થઈ ગયો છે. આજે આ અંગેના આંકડા જારી કરવામાં આવ્યા હતા. માર્ચ મહિનામાં કુલ ૨૫ પ્રોડક્ટ પૈકી ૧૩માં ગ્રોથ નોંધાયો છે જે ગયા મહિનામાં ૨૫ની જગ્યાએ ૧૯ પ્રોડક્ટ હતી. એપ્રિલ મહિનામાં સેન્સેટીવ કોમોડિટીની કિંમતમાં ભારે ઉથલપાથલ જોવા મળી હતી જેમાં શાકભાજીના ભાવ, ખાંડના ભાવ, કઠોળ, ખાદ્યાન્ન તેલનો સમાવેશ થાય છે. આ પરિબળોની અસર રહી હતી. હવે સીપીઆઈ અને આઈઆઈપીના આંકડા જારી કરવામાં આવ્યા બાદ આ પગલાને લઈને આરબીઆઈ ધ્યાનમાં લેશે. ટકાઉ આધાર પર ફુગાવામાં ઘટાડો થઈ રહ્યો નથી જેના પરિણામ સ્વરુપે આરબીઆઈ માટે પડકારરુપ સ્થિતિ થઈ છે. આરબીઆઈ કોઈ પોલિસી ફેરફાર હાલમાં કરે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે સીપીઆઈ ફુગાવો વધી ગયો છે. રિટેલ ફુગાવો એપ્રિલ મહિનામાં વધીને ૫.૩૯ ટકા થયો છે. ઘણી બધી ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે. ફુગાવો વધી જતાં આરબીઆઈને તકલીફ થઈ છે. બીજી બાજુ ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીય પ્રોડકશન (આઈઆઈપી)નો આંકડો ઉલ્લેખનીયરીતે ઘટ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં જે આંકડો હતો તેની સરખામણીમાં ઘટીને ૦.૧ ટકા થયો છે. લિક્વિડીટી ઉપર આરબીઆઈ વધારે ધ્યાન આપે તેવા સંકેત ઉભા થયા છે.

# ચોમાસુ સત્રમાં જીએસટી બિલ પસાર થશે

**રાજ્યસભામાંથી કુલ ૫૩ સાંસદો નિવૃત્ત થવા જઈ રહ્યા છે : કોંગ્રેસના સભ્યોની સંખ્યા ઘટી શકે છે જ્યારે ભાજપ અને તેના સાથી પક્ષોની સંખ્યા વધી શકે છે : રાજ્યસભામાંથી કોંગ્રેસના કુલ ૧૩ સાંસદો નિવૃત્ત થશે**



નવીદિલ્હી,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સંસદના મોનસુન સત્રમાં જીએસટી બિલ પસાર કરવા માટે આશાવાદી દેખાઈ રહી છે. કારણ પૈકી જે મુખ્ય કારણ છે તે ઉપલા ગૃહમાં સભ્યોમાં ફેરફાર મુખ્ય કારણ છે. રાજ્યસભામાં મોનસુન સત્ર દરમિયાન આંકડા ઝડપથી ફેરવાઈ જશે. એ ગાળા સુધીમાં રાજ્યસભામાં ૫૩ નવા ચૂંટાયેલા સભ્યો આવી જશે જે કુલ સંખ્યાબળના પાંચમા હિસ્સાના રહેશે. રાજ્યસભામાં ફેરફારને લઈને સરકાર આશાવાદી બનેલી છે. નિવૃત્ત થઈ રહેલા સાંસદોમાં કોંગ્રેસના ૧૩, ભાજપના ૧૧, જેડીયુના ૫, અન્નાદ્રમુકના ત્રણ, ડીએમકેના બે સભ્યોનો સમાવેશ થાય છે. આની સાથે કુલ સંખ્યા ૫૩ની છે. ગયા રાજ્યમાંથી કેટલા સાંસદો નિવૃત્ત થઈ રહ્યા છે તેના ઉપર નજર કરવામાં આવે તો જુદા જુદા રાજ્યમાંથી મોટી સંખ્યામાં સભ્યો નિવૃત્ત થઈ રહ્યા છે જેમાં ઉત્તરપ્રદેશમાં ૧૧ સભ્યો નિવૃત્ત થઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાંથી છ, બિહારમાંથી પાંચ સભ્યો નિવૃત્ત થશે. ૨૦૧૦માં ચૂંટાઈ આવેલા ૫૩ સભ્યો નિવૃત્ત થઈ રહ્યા છે. ૨૦૧૦માં કોંગ્રેસનું કેટલાક રાજ્યોમાં બહુમતિ હતી. આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ આવી જ સ્થિતિ હતી.

## સોનિયા અને મનમોહનસિંહને ક્યારેય મળ્યો જ નથી : મિશેલ

**ઓગષ્ટા વેસ્ટલેન્ડ ડીલના વચેટિયા મિશેલનો ચોંકાવનારો ધડાકો ડીલમાં કોંગ્રેસ અને વર્તમાન સરકારે કોઈ દરમિયાનગીરી કરી નથી : ગૌતમ ખેતાનનો હાથ હોવાની કરેલી કબુલાત**



નવી દિલ્હી,તા. ૧૨

સમગ્ર દેશની રાજનીતીમાં જોરદાર ભૂકંપ સર્જનાર ઓગષ્ટા વેસ્ટલેન્ડ ડીલમાં નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે આ ડીલમાં વચેટિયા તરીકેની ભૂમિકા અદા કરનાર ક્રિસ્ટન મિશેલે દાવો કર્યો છે કે તે કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને ક્યારેય મળ્યો નથી. મિશેલે કહ્યુ છે કે કોંગ્રેસ અને વર્તમાન સરકારે ડીલમાં કોઈ ભૂમિકા અદા કરી ન હતી. એક મોટા ગ્રુપ સાથેની વાતચીતમાં મિશેલે કહ્યુ હતુ કે આ કોંભાંડની પાછળ એરોમેટ્રિક્સના પૂર્વ બોર્ડ સભ્ય અને દિલ્હીના વકીલ ગૌતમ ખેતાનનો હાથ છે. મિશેલે કહ્યુ છે કે ઓગષ્ટા ડીલમાં તે એકમાત્ર ભારતીય વ્યક્તિ ભારતીય હવાઈ દળના પૂર્વ વડા એસપી ત્યાગી સાથે વાતચીત કરી હતી અને ત્યાગીને મળ્યો હતો. ભાજપે હજુ સુધી કોંગ્રેસ પર પ્રહારો કરતા કહ્યુ છે કે ઈટાલીની અદાલતે માર્ચ ૨૦૧૩માં ઓગષ્ટા

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ગરમીનું મોજુ યથાવત

**રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૪થી પણ ઉપર પહોંચ્યો : જનજીવન સંપૂર્ણપણે ખોરવાઇ ગયું : તીવ્ર ગરમી વચ્ચે ઇમરજન્સીના કેસોમાં ચિંતાજનકરીતે વધારો**

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેર રાજ્યમાં હવે કાળઝાળ ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. પારો અતિઝડપથી વધીને હવે ૪૪થી પણ ઉપર પહોંચી ગયો છે જેથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આજે અમદાવાદમાં પારો ૪૪ નોંધાયો હતો. રાજ્યના જે ભાગોમાં પારો આજે ૪૪થી પણ ઉપર પહોંચી ગયો હતો તેમાં અમદાવાદ, અમરેલી, સુરેન્દ્રનગર, કંડલા એરપોર્ટનો સમાવેશ થાય છે. અમદાવાદમાં ૪૪, અમરેલીમાં ૪૪, સુરેન્દ્રનગરમાં ૪૪.૩ અને કંડલા એરપોર્ટમાં ૪૪.૪ સુધી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જનજીવન સંપૂર્ણપણે આજે ખોરવાઈ ગયું હતું. હજુ આગામી પાંચ દિવસ સુધી ગરમીથી કોઈપણ પ્રકારની રાહત મળે તેવા સંકેત

દેખાઈ રહ્યા નથી. તીવ્ર ગરમી વધી જતાં ઈમરજન્સીના કેસોમાં પણ એકાએક વધારો થયો છે. બેભાન થવાના અને અને ઝાડા ઉલ્ટીના કેસો વધી ગયા છે.

બપોરના ગાળામાં લમણા શેકી નાંખે તેવી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો અને જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું.

બપોરના ગાળામાં લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું હતું. જો કે, જરૂરી કામ માટે બહાર નિકળેલા લોકોએ સાવચેતી રાખી હતી. હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં હાલમાં જ જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી હતી.

## આજે મુખ્યમંત્રી કચ્છ-બનાસકાંઠાના અછતગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના અછતગ્રસ્ત વિસ્તારોની આજે મુલાકાતે જઈ રહ્યા છે.

તેઓ રાજ્યમાં ઉભી થયેલી અછતની સ્થિતિ બાદ પ્રથમવાર આ મુલાકાતે જઈ રહ્યા છે. તેઓ તેમની આ મુલાકાત દરમ્યાન અછત રાહતના કામો, મજૂરોને અપાતા વેતન, રોજગારીના સ્થાનો પર છાંયડાની વ્યવસ્થા સહિતની બાબતો અંગે સમીક્ષા કરશે.

સવારે તેઓ કચ્છના વિસ્તારો ખાસ કરીને અબડાસા, નખત્રાણા પંથકની મુલાકાત લેશે. ત્યાં પીવાના પાણી અંગે તંત્ર દ્વારા લેવાયેલા પગલાંઓની સમીક્ષા કરશે. આ પછી બનાસકાંઠા જિલ્લાની પણ મુલાકાત લેવનાર છે.










